# સિસલ્સમાં મોરારિબાપુની કથા ભક્તિનો રંગ જમાવે છે

## કચ્છમાંથી ૨૦૦ અને અન્ય દેશોમાંથી ૧૦૦૦ ભાવિકો કથા શ્રવણ અર્થે સિસલ્સ ગયા

ભાસ્કર ન્યૂઝ. માંડવી

આફ્રિકા ખંડના પ્રાકૃતિક સૌંદર્ય ધરાવતા ટાપુ સિસલ્સમાં માંડવીની એલાઇડ બિલ્ડર્સ સિસલ્સ લિ.એ મોરારિબાપુની કથાનું આયોજન કર્યું છે, જેમાં દેશ-વિદેશમાંથી ૧૦૦૦ ભાવિકો કથા સ્થળે પહોંચી ગયા છે.

દરજી પાસે કપડાં સિવડાવવા જઇએ તો દર વખતે નવો માપ લે છે, તેમ દરેક વ્યક્તિ અને ઘટનામાં પણ દરરોજ કાંઇક નવું હોય જ છે. આ નવ દિવસ ચાલનારી કથામાં પણ જેણે તુલસીદાસ લિખિત રામચરિત માનસ વાંચ્યુ જ નથી એને રોજ નવું જાણવા મળશે. હનુમાનજી હરહંમેશ રામાયણ સાંભળવા ઉત્સુક હોય છે, કારણ કે, જેટલી વખતે સાંભળી એટલી વખત રામાયણ નવી જ લાગે. આમ, હનુમાન કે રામભક્ત શા માટે વારંવાર રામાયણ સાંભળવા તત્પર હોય છે તેનું રહસ્ય મોરારિબાપુએ પોતાની આગવી શૈલીમાં સમજાવ્યું હતું.

આ પ્રસંગે સિસલ્સના વા. પ્રેસિડેન્ટ જોસેફ બેલ્મો ઉપરાંત અન્ય વિદેશીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. ભારતના રાજદૂત આસિત કુમાર, કુવરજી રામજી ગ્રૂપના ચેરમેન કે. કે. ભાઇ, એલાઇડ બિલ્ડર્સ સિસલ્સ લિ.ના મેનેજિંગ ડાયરેક્ટર પ્રવીણભાઇ દરાડ ઉપરાંત કચ્છમાંથી કથા શ્રવણ કરવા માંડવી વિસ્તારના ધારાસભ્ય ધનજીભાઇ સેંઘાણી, માંડવી શહેર ભાજપના પ્રમુખ નરેન્દ્ર પીઠડિયા, દીપક જોષી, મિતેશ મહેતા, જિલ્લા ભાજપના ઉપાધ્યક્ષ હરીશભાઇ ગણાત્રા સહિત કચ્છના ૨૦૦ અને અન્ય દેશોના ૧૦૦૦ ભાવિકો ઉમટી પડ્યા હતા.